# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GOVERNOR AMRELI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન આજે લાઠી તેમજ પ્રતાપગઢ ગામની મુલાકાત લીધી. તેમણે લાઠી ખાતે રાહત દરે આરોગ્ય સેવાઓ પૂરી પાડતાં મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ આરોગ્ય સેવાઓનું નિરીક્ષણ કર્યું.

અગાઉ રાજ્યપાલે પ્રતાપગઢ ગામના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતના ઘરે વહેલી સવારે પહોંચી પ્રાકૃતિક ખેતી ઉપરાંત ગાયોના પાલન પોષણની વિગતો મેળવી ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં ફરી એક વાર વરસાદનું જોર વધ્યું છે. આજે 29 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં જૂનાગઢના માંગરોળમાં સૌથી વધુ 4 ઇંચ વરસાદ પડ્યો. જ્યારે અમરેલી જિલ્લાના બગસરા, બાબરા અને અમરેલી તથા વડીયા પંથકમાં બેથી ત્રણ ઈંચ વરસાદ નોંધાયો. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 115 ટકા વરસાદ વરસ્યો છે. વરસાદને પગલે રાજ્યના 151 જળાશય હાઇએલર્ટ પર છે.

તાપી જિલ્લાના ઉકાઇ બંધમાંથી એક લાખ 72 હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાયું. જેને પગલે સુરતના નીચાણવાળા વિસ્તારો અને તાપી કાંઠાના ગામોને એલર્ટ કરાયા છે. દરમિયાન, બોટાદના ગઢડા તાલુકાનો

રમાઘાટ બંધ સિઝનમાં ચોથી વખત ઓવરફ્લો થયો. બીજી તરફ મહેસાણાના કડી તાલુકાના સેદરણા ગામમાં વીજળી પડતા ૩ ગાયોના મોત થયા છે.

. . . . . . . . . . .

# RAIN FORECAST

સૌરાષ્ટ્રમાં આજે અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ અને ગીર સોમનાથમાં અતિભારે વરસાદની શક્યતા છે. આગામી બે દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ પડી શકે છે. દરમિયાન માછીમારોને ૩ ઑક્ટોબર સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . . .

# NAVRATRI 8TH DAY

આદ્ય શક્તિની આરાધનાના પર્વ નવરાત્રિનું આજે આઠમું નોરતું છે. આજે માઁ નવદુર્ગાનાં આઠમાં સ્વરૂપ માઁ મહાગૌરીની પૂજા કરવામાં આવી રહી છે. દરમિયાન ગઇકાલે રાત્રે ગાંધીનગરના કેસરિયા ગરબામાં દિવ્ય મહાઆરતી યોજાઇ, જેમાં હજારો દીવડાઓ થકી ભારતીય સૈન્યના અદમ્ય સાહસ અને શૌર્ય ‘ઓપરેશન સિંદૂર‘ને બિરદાવતી અલૌકિક આકૃતિનું નિર્માણ કરાયું. મહાઆરતી બાદ ઓપરેશન સિંદૂર ઉપર રચાયેલા ગરબો પણ

વગાડવામાં આવ્યો. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના અધ્યક્ષ જય શાહ અને કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા.

મહેસાણા જિલ્લાના સુપ્રસિદ્ધ બહુચરજી મંદિર ખાતે આજે રાત્રે 9 કલાકે શોભાયાત્રા નીકળશે. 12 કલાકે માતાજીની પલ્લી ભરાશે.

. . . . . . . . . . .

# RUPAL - PALLI

ગાંધીનગરના રૂપાલમાં આજે વરદાયિની માતાજીનો પલ્લીનો મેળો યોજાશે. જેમાં આજે રાત્રે માતાજીની પલ્લી નીકળશે. 27 ચકલામાંથી પસાર થનાર આ પલ્લી પર લાખો લીટર શુદ્ધ ઘીનો અભિષેક કરાશે. દરમિયાન અંદાજે 10 લાખ લોકો પલ્લીના દર્શને ઉમટશે. પલ્લી મેળામાં 700 પોલીસ કર્મીઓ ખડેપગે રહેશે. પાંડવકાળથી ચાલતી આ પરંપરા આજે પણ યથાવત રહી છે. દરમિયાન, ખોરાક અને ઔષધ તંત્ર દ્વારા ખાણી પીણી દુકાનો, પાણીની બોટલ સહિતના નમૂના સેમ્પલ લઈને સ્થળ ઉપર જ ચકાસણી કરાશે.

. . . . . . . . . . .

# ARVALLI INCOME TAX

અરવલ્લી જિલ્લાના મોડાસામાં વહેલી સવારથી આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. શહેરના તબીબો, બિલ્ડર્સ તેમજ અન્ય અગ્રણીઓની કચેરીઓમાં આવક વેરા વિભાગે શોધ અભિયાન હાથ ધર્યું છે. અંદાજે 50થી વધારે ગાડીઓ સાથેનો કાફલો શહેરમાં આવી પહોંચ્યો છે.

. . . . . . . . . . .

## SWASTHA NARI SHASAKT PARIVAR

કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસના દાદરા ગામે 'સ્વસ્થ નારી સશક્ત પરીવાર' અભિયાન અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વિશેષ આરોગ્ય શિબિર યોજાઇ જેમાં 250થી વધુ લાભાર્થીઓએ  લાભ લીધો હતો.

આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ અને અંતિયાળ વિસ્તારની જનતાને ગુણવક્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા અને રોગોને અટકાવવા અને ઉપચાર સબધી જાગૃતિ લાવવાનો છે.

શિબિરમાં રોગીઓની તપાસ, પરામર્શ, આવશ્યક દવાનું વિતરણ, એનિમિયાની તપાસ ટી.બી.ની તપાસ, ટીકાકારણ સેવાઓ, અને ગંભીર રોગીઓને ઉચ્ચ સ્તરીય સારવાર ઉપલબ્ધ કરાવાઇ હોવાનું આરોગ્ય અધિકારી ડોક્ટર મનિષ રાજગારાએ જણાવ્યું હતું.

## બાઇટ- ડો. મનિષ રાજગારા, આરોગ્ય અધિકારી , સેલવાસ

.....................................

# AHD-BULLET TRAIN

અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજનાએ અમદાવાદ જિલ્લામાં ગીરધરનગર ફ્લાયઓવર પર રેલવે ઓવર બ્રિજની વિઆડક્ટ લૉન્ચિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે, જે દિલ્હી-અમદાવાદ મુખ્ય લાઈન પર આવેલ છે.

ગિરધરનગર બ્રિજ, જે બે-લેનનું ફ્લાયઓવર છે અને જે અમદાવાદનું સૌથી વ્યસ્ત ફ્લાય ઓવર્સમાંનું એક છે, જે શાહિબાગ, અસારવા અને કાલુપુરને જોડે છે જાહેર જનતા પર ઓછું વિક્ષેપ થાય તે સુનિશ્ચિત કરવા માટે, ફ્લાયઓવર પર લૉન્ચિંગનું કામ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે યોજાયું અને માત્ર 12 દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું. આ ફ્લાયઓવર પર સ્પાનની લંબાઈ 45 મીટર છે અને તેનું કુલ વજન 1200 મેટ્રિક ટન છે.

......................................